ફોર્મ.ન. HH1-3

| |
|---|
| એનઆઈએ/ડી.ઓ/બી.ઓ........................ |
| સંદર્ભ નં....................તા.................... |
| રોકડા/ચેક |
| નં.................... રૂ......................... |
| સમય : ...................તા.................... |
| પોલિસી નં..................................... |

# ધી ન્યુ ઈંડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ

રજિસ્ટર્ડ અને મુખ્ય કાર્યાલય : ન્યુ ઈંડિયા એસ્યોરન્સ બિલ્ડીંગ, ૮૭, મહાત્મા ગાંધી માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦ ૦૦૧

## ગૃહસ્થના વીમા માટે પ્રસ્તાવ

(ફક્ત ઓફિસના ઉપયોગ માટે)

| | |
|---|---|
| વીમો ઉતારનારની ઓફિસનું સરનામું અને કોડ | |
| વિકાસ અધિકારીનું નામ અને કોડ | |
| એજન્ટ/દલાલનું નામ અને કોડ | |
| | **પ્રસ્તાવકર્તાએ ભરવાનું** |
| ૧. પ્રસ્તાવકર્તાનું નામ (મોટા અક્ષરોમાં) | |
| ૨. પ્રસ્તાવકર્તાનું સરનામું (મોટા અક્ષરોમાં) તેમજ પિનકોડ | |
| ટેલિફોન : | ફેક્સ ઈમેઇલ : |

વીમાની મુદત : તા..................ના ૦૦ કલાકથી તા...............ની મધરાત સુધી

| વિભાગ નં. | મિલકતનું વર્ણન | વીમાની રકમ ₹ | હજાર દીઠ (mile)દર ₹ | પ્રીમિયમ |
|---|---|---|---|---|
| ૧. આગ અને સંલગ્ન જોખમ | ક - કંપાઉન્ડ દીવાલ સાથેનો બંગલો/વર્ગ ૧ના બાંધકામવાળા ફ્લેટ<br>ખ. અંદરની વસ્તુઓ (ઝવેરાત અને કિંમતી વસ્તુઓ સિવાય બધી વસ્તુઓ સિવાય) બધી વસ્તુઓ (જેમની કિંમત અંદરની વસ્તુઓની કુલ કિંમતના ૫ ટકાથી વધારે થાય છે તે ફર્નિચર વ્યક્તિગત કિંમતી વસ્તુઓ અને આ સાથે જોડેલ સાથે યાદી બનાવવી. | | ૦.૫૦<br>૦.૫૦ | |
| ૨. ઘરફોડી, ખાતર પાડવું તેમજ ચોરી અને ચોરીનો ગુનો | અંદરની વસ્તુઓઃ ઉપરના સરનામે (સરનામું............) આવેલ મકાન-વિસ્તારની અંદરની બધી વસ્તુઓ<br>નોંધ : અંદરની વસ્તુઓનો વીમો ઉપરની બાબત ૧-ખ હેઠળ દર્શાવેલી કિંમત જેટલી રકમનો હોવો જોઈએ. | | ૨.૪૦ | |
| ૩. બધાં જોખમ | ઝવેરાત અને કિંમતી વસ્તુઓ : ઝવેરાત અને કિંમતી વસ્તુઓનું વર્ણન અને તેની કિંમત | | ૧૦.૦૦ | |
| ૪. નિશ્ચિત પ્લેટ ગ્લાસ | પ્લેટ ગ્લાસનું વર્ણન અને તેની કિંમત | | ૧૦.૦૦ | |
| ૫. ઘરગથ્થું સાધનો ખોટકાઈ જવાં | પ્રસ્તાવકર્તાનાં બધાં વીજળિક, વીજાણુ, યાંત્રિક સાધનો, સાધનોનાં ઉપકરણ \| મેક \| મેકનું વર્ષ \| કિંમત રૂ. | | ૨.૫૦ | |
| ૬. ટી.વી. સેટ (ટીવી/વીસીઆર ટીવી/વીસીઆર/વીસીપી/ વીસીડી | ઉત્પાદનનું નામ \| મેક \| મોડલ \| મેકનું વર્ષ \| કિંમત રૂ.<br>કુલ રૂ......................... | | ૧૦.૦૦ | |
| ૭. પેડલ સાઈકલ | મેક અને ઉત્પાદકનું નામ \| ઉત્પાદન વર્ષ \| ફ્રેમનંબર \| સહાયક સાધનો સહિત કિંમત રૂ.<br>રૂ........................<br>રૂ........................ | | ૨૦.૦૦ | |
| ૮. બેગેજ વીમો | ભારતમાં કોઈ પણ સ્થળ પ્રવાસ દરમિયાન અંગત બેગેજ, અંગત માલમતા અને સાથેની બીજી વસ્તુઓની વિગત<br>કુલ........................................... કિંમત........................................................ | | ૭.૫૦ | |
| ૯. અંગત અકસ્માત | નામ \| ઉંમર \| વ્યવસાય \| પ્રસ્તાવકર્તા સાથે સંબંધ \| હાલની નબળાઈની વિગત \| પસંદ કરેલું કોષ્ટક \| એસાઈનીનું નામ અને સંબંધ<br>નોંધ : ૧ લાભ અને દરના કોષ્ટક માટે જુઓ માહિતીપત્ર ૨. મૃત્યુ થતાં લાભ એસાઇન કરવા માટે નીચે જુઓ) | | માર્ગદર્શક સૂચનાઓ | |
| ૧૦. જાહેર જવાબદારી | (ક) જાહેર જવાબદારી<br>(ખ) ઘરના નોકર માટે (કામદાર વળતર અધિનિયમ મુજબ) જવાબદારી | | ટેરિફ મુજબ ૦.૫૦ | |
| ૧૧. અંગત કોમ્પ્યૂટર અને સહાયક સામગ્રી | ક્રમ \| વસ્તુઓનું વર્ણન \| મોડલનં. \| મેક \| ઉત્પાદન વર્ષ | | | |
| આતંકવાદનું જોખમ આવરી લેવાનું છે કે કેમ ? | હા/ના | | ૦.૫૦ | |

નોંધ :
(૧) પ્રસ્તાવ કંપનીને સ્વીકાર્યો હોય અને પૂરેપૂરું પ્રીમિયમ ચૂકવ્યું હોય ત્યાં સુધી કંપનીની જવાબદારી શરૂ થતી નથી.
(૨) જગ્યા અપૂરતી જણાય, તો વિગતો માટે અલગ પાનું જોડો.
(૩) ઓછામાં ઓછા ત્રણ વિભાગ જરૂરી છે. તેમાં વિભાગ ૧-ખ ફરજિયાત છે.

હું/અમે આથી જાહેરું કરું છું/કરીએ છીએ કે આમાં સમાવિષ્ટ વિગતો સાચી અને ખરી છે. કોઈ મહત્ત્વની હકીકત ખોટી રીતે જણાવી નથી કે ખોટી રજૂઆત કરી નથી. આ પ્રસ્તાવ સહ-અનુસૂચિ કંપનીની ધોરણસરની પોલિસીની ભાગ છે અને તે મારી/મારી અને વીમા કંપની વચ્ચે કરારનો આધાર બનશે. હું/અમે આથી જાહેર કરું છું / કરીએ છીએ કે આમાં જણાવેલી વીમાની રકમ આમાં દર્શાવેલી મિલકતની સંપૂર્ણ કિંમત દર્શાવે છે.

| | | |
|---|---|---|
| કુલ પ્રીમિયમ | ₹ | |
| બાદ : ચાર કરતાં વધારે વિભાગ આવરી લેવા વટાવ ...... ટકા | ₹ | |
| વત્તા : આતંકવાદ પ્રીમિયમ ૩૦ ટકા (વિભાગ ૭, ૯, ૧૦, ૧૧ સિવાય) | ₹ | |
| ચોખ્ખું પ્રીમિયમ | ₹ | |
| વત્તા - સર્વિસ ટેક્સ ૧૨.૨૪ ટકા | ₹ | |
| કુલ | ₹ | |

સ્થળ :

તારીખ

પ્રસ્તાવકર્તાની સહી

### વિભાગ ૯ હેઠળ અંગત અકસ્માત વીમા માટે એસાઈનમેન્ટ ખંડ

હું.......................................................................... આથી મારા મૃત્યુ વખતે ન્યુ ઈંડિયા એસ્યોરન્સ કં. લિ. એ ચૂકવવાપાત્ર નાણાં ...................................... (વીમાદાર સાથે સંબંધ)ને આથી એસાઇન કરું છું. હું વધુમાં જાહેર કરું છું કે તેની રસીદ કંપની માટે પૂરતી ચુકવણી બનશે.

સ્થળ :

તારીખ

સાક્ષીનું નામ

૧. સહી

૨. સરનામું

પ્રસ્તાવકર્તાનું નામ

### રિબેટનો નિષેધ
### (વીમા અધિનિયમ ૧૯૩૮ની કલમ ૪૧)

કોઈ વ્યક્તિ કોઈ પણ વ્યક્તિને પોલિસી પર દર્શાવેલ પ્રીમિયમ પર કોઈ રિબેટ અથવા ચૂકવવાપાત્ર સંપૂર્ણ કે અંશતઃ કમિશનનું કોઈ રિબેટ ભારતમાં જીવન અથવા મિલકતને લગતા કોઈ પણ પ્રકાર બાબતમાં વીમો લેવા અથવા રિન્યુ કરવા અથવા ચાલુ રાખવા કોઈ વ્યક્તિને લાલચ તરીકે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપશે નહિ કે આપવાનો પ્રસ્તાવ મૂકશે નહિ અથવા પોલિસી લેતી, રિન્યુ કરાવતી કે ચાલુ રાખતી કોઈ વ્યક્તિ વીમો ઉતારનારના પ્રકાશિત માહિતીપત્ર અથવા કોષ્ટકો અનુસાર મળતા હોય તેવા રિબેટ સિવાય કોઈ રિબેટ સ્વીકારશે નહિ.

૨. આ કલમની જોગવાઈ ન કરનાર વ્યક્તિને ₹ ૫૦૦ (પાંચસો) સુધીનો દંડ થઈ શકશે.

## ગૃહસ્થનો વીમો

ગૃહસ્થની વીમાની પોલિસી અન્યથા અલગ આવરી લેવાય તેવી સંખ્યાબંધ આકસ્મિક ઘટનાઓને એક પોલિસી હેઠળ એકત્રિત કરીને ગૃહસ્થની જરૂરિયાતો પૂરી પાડવા તૈયાર કરવામાં આવી છે. પોલિસીમાં નીચેની બાબતો આવરી લીધી છે :

**વિભાગ ૧ :** (ક) ફક્ત 'એ' વર્ગના બાંધકામવાળી ઈમારત (ખ) અંદરની વસ્તુઓ : આગ (વિસ્ફોટમાં પરિણમતી આગ સહિત), વીજળી, ઘરગથ્થુ સાધનોમાં ગેસનો વિસ્ફોટ, પાણીની ટાંકીઓ, સાધનો અને પાઈપ ફાટી જઈ ઊભરાઈ જવાં, હવાઈ જહાજ અથવા તેમાંથી ફેકાંતી વસ્તુઓ હુલ્લડ અને હડતાળ, ધરતીકંપ (આગ અને/અથવા આંચકા) દ્વેષપૂર્ણ કામ, ડૂબમાં જવું, પૂર, વાવાઝોડું, ચક્રવાત, જમીન બેસી જવી અને જમીન ધસી પડવી (ખડક ધરી પડવા સહિત), નુકસાન, નુકસાનની અસર.

**બાંધકામ :** ઈમારતમાં પથ્થર/ઈંટો/કોંક્રિટ બ્લોક/એસ્બેસ્ટોસનાં પતરાંનું આવરણ અને/અથવા ધાતુનાં પતરાનું આવરણ/કાચની પેનલ/અંશતઃ કે સંપૂર્ણ ખુલ્લી બાજુ અને આરસીસી ચણતર/એસ્બેસ્ટોસ કોંક્રિટનાં પતરાં/ધાતુનાં પતરાં/ટાઈલ્સ/લાકડાનાં પાટિયાં/લોખંડ લાકડાની ફ્રેમવાળી બહારની દીવાલો રહેશે.

**નોંધ :** (૧) કાચનું પડ સળગી ન ઊઠે તેવું ઘાસ, સાંઠીઓના છાપરાની છૂટ છે. (૨) અજવાળિયાં માટે થર્મોસેટિંગ રેઝિન ફાઈબર કાચનાં પ્રબલિત પતરાંની છૂટ છે.

**વિભાગ ૨ :** **ઘરફોડી, ખાતર પાડવું, ચોરીનો ગુનો, ચોરી** : વીમાદારના ભોગવટાવાળા સ્થળમાં રાખેલી મિલકતને નુકસાન અથવા હાનિ.

**વિભાગ ૩ :** **બધાં જોખમ** : અનુસૂચિમાં દર્શાવેલી જવાબદારીને અધીન રહીને ભારતમાં ગમે ત્યાં અકસ્માત અથવા અથવા દુર્ભાગ્યથી ઝવેરાત અને કિંમતી વસ્તુઓનાં નુકસાન અથવા હાનિ.

**વિભાગ ૪ :** **પ્લેટ ગ્લાસ** : અનુસૂચિમાં દર્શાવેલી મર્યાદાને અધીન રહીને નિશ્ચિત પ્લેટ ગ્લાસના આકસ્મિક નુકસાન.

**વિભાગ ૫ :** **ઘરગથ્થું સાધનો ખોટકાઈ જવાં** : ઘરગથ્થું, વીજાણું અથવા યાંત્રિક સાધનો, ઉપકરણ અથવા વસ્તુઓને યાંત્રિક અને/અથવા વીજળિક રીતે ખોટકાઈ જવાથી સંપૂર્ણ નુકસાન.

**વિભાગ ૬ :** **ટી.વી. સેટ** : આગ, વીજળીથી ટેલિવિઝન સેટને નુકસાન અથવા હાનિ, ઘરગથ્થું સાધનોમાં ગેસનો વિસ્ફોટ પાણીની ટાંકી ફાટવી અને ઊભરાવી, હવાઈ જહાજ અને તેમાંથી ફેંકલી વસ્તુઓ, ધરતીકંપ, આગ અને/અથવા આંચકા, પૂર, ડૂબીમાં જવું, વંટોળિય અને તેવાં જોખમ, હુલ્લડ અને હડતાળ અથવા દ્વેષપૂર્ણ કામ, આતંકવાદનું જોખમ, ઘરફોડી, ઘરમાં ખાતર પાડવું, ચોરી અકસ્માત, બહારનાં સાધનો, યાંત્રિક અથવા વીજળીનું ખોટકાવું, ₹ ૨૫,૦૦૦ સુધીનાં કાયદેસર જવાબદારી, એન્ટેના તૂટી પડવાથી વીમાદારની પોતાની મિલકતને નુકસાન માટે ₹ ૩૦૦ સુધી

**વિભાગ ૭ :** **પેડલ સાઈકલ** : આગ, વીજળી, બહારના વિસ્ફોટ, હુલ્લડ, હડતાળ, દ્વેષભર્યું કામ, ધરતીકંપ (આગ અને/અથવા આંચકા) પૂર, ડૂબમાં જવું, વંટાળિયો, ચક્રવાત, ઘરફોડી, ખાતર પાડવું, ચોરી અને / અથવા બહારનો અકસ્માત તેમજ ₹ ૧૦,૦૦૦ની મર્યાદા સુધી કાયદેસર જવાબદારી.

**વિભાગ ૮ :** **બેગેજ વીમો** : વીમાદાર ભારતમાં ગમે ત્યાં રજામાં પ્રવાસ પર હોય ત્યારે તેની સાથેના બેગેજને અકસ્માત કે દુર્ભાગ્યથી નુકસાન કે હાનિ.
**વિશેષ હક (ફ્રેન્ચાઈઝ)** : ₹ ૧૦ સુધીના દરેક નુકસાન માટે પ્રથમ ₹ ૧૦ ચૂકવવાપાત્ર નથી. તે ₹ ૧૦ કરતાં વધારે હોય, તો કંપની જવાબદાર રહેશે.

**વિભાગ ૯ :** **અંગત અકસ્માત** : અનુસૂચિમાં દર્શાવેલ વીમાદારના અંગત અકસ્માતમાં આકસ્મિક, બહારના અને દશ્ય સાધનોથી મૃત્યુ અથવા શારીરિક ઈજા થાય તો અનુસૂચિમાં દર્શાવેલી મર્યાદાને અધીન રહીને.
વિભાગનં. ૯ : અંગત અકસ્માત હેઠળ લાભનું કોષ્ટક નીચે પ્રમાણે છે :

| લાભનં. | વર્ણન | કોષ્ટક | આવરી લીધેલ લાભ | જોખમ જૂથ દર (હજાર દીઠ ₹) | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૧ | ફક્ત મૃત્યુ................ ૧૦૦ ટકા | ડી | ૧ | ૦.૪૫ | ૦.૬૦ | ૦.૯૦ |
| ૨. | બે અવયવ, બે આંખ અથવા એક અવયવ, એક આંખને નુકસાન : ૧૦૦ ટકા | | | | | |
| ૩. | એક અવયવ અથવા એક આંખને નુકસાન ............ ૫૦ ટકા | | | | | |
| ૪. | ઉપર દર્શાવ્યા સિવાયની ઈજાઓથી કાયમી સંપૂર્ણ અશક્તતા (PTD) : ૧૦૦ ટકા | સી | ૧થી ૪ | ૦.૭૦ | ૦.૯૦ | ૧.૩૦ |
| ૫. | પોલિસી અનુસૂચિ મુજબ કાયમી અંશતઃ અશક્તતા(PPD)ની ટકાવારી | બી | ૧થી ૫ | ૧.૦૦ | ૧.૨૫ | ૧.૭૫ |
| ૬. | ૧૦૦ અઠવાડિયાં સુધી વીમાની મૂળ રકમના ૧ ટકા લેખે કામચલાઉ સંપૂર્ણ અશક્તતા (TTD) – અધિકતમ અઠવાડિક લાભ વધુમાં વધુ રૂ. ૩૦૦૦ રહેશે. | એ | ૧થી ૬ | ૧.૫૦ | ૨.૦૦ | ૩.૦૦ |

## જોખમનું વર્ગીકરણ

જોખમ જૂથ ૧ :

હિસાબનીસ, ડોક્ટર, વકીલ, સ્થપતિ, પરામર્શી ઈજનેરો, શિક્ષકો, બેન્કરો, વહીવટી કાર્યોમાં રોકાયેલી વ્યક્તિઓ, સમાન જોખમમાં પ્રાથમિક રીતે રોકાયેલી વ્યક્તિઓ.

જોખમ જૂથ ૨ :

ફક્ત દેખરેખ રાખવાનું કામ કરતાં બિલ્ડર, કન્ટ્રાક્ટર અને ઈજનેર, પશુચિકિત્સા ડોક્ટર, મોટર વાહનના પગારદાર ડ્રાઈવર અને સમાન જોખમી વ્યવસાયોમાં રોકાયેલી અને શારીરિક શ્રમમાં ન રોકાયેલી વ્યક્તિઓ.

જૂથ ૩ હેઠળ આવતી હોય તે સિવાયની શારીરિક શ્રમમાં રોકાયેલી બધી વ્યક્તિઓ, રોકડ લઈ જતા કર્મચારીઓ, ગેરેજ અને મોટર મિકેનિક, મશીન ઓપરેટર, ટ્રક અથવા લોરી અને બીજાં ભારે વાહનોના ડ્રાઈવર, વ્યાવસાયિક કુસ્તીબાજ અને ખેલાડીઓ, લાકડાનું કામ કરતા મશીનિસ્ટ અને સમાન જોખમી વ્યવસાયમાં રોકાયેલી વ્યક્તિઓ

જોખમ જૂથ ૩

ભૂગર્ભ ખાણ, સ્ફોટક, મેગેઝિનમાં કામ કરતી વ્યક્તિઓ, ભારે દબાણવાળા પુરવઠાવાળી વીજળિક ગોઠવણી, જોકી, સર્કસના માણસ, વાહનદોડ, ઘોડાદોડ, શિકારી પ્રાણીઓના શિકાર, શિકાર, પર્વતારોહણ, શિયાળુ રમતો, સ્કાઈંગ, બરફ હોકી, બલૂનિંગ, ગ્લાઈડિંગ, નદીમાં તરાપા, પોલો અને સમાન જોખમવાળા વ્યવસાયો/પ્રવૃત્તિઓમાં રોકાયેલી વ્યક્તિઓ.

## વધારાનું વીમા-કવચ

૧. વીમાની મૂળ રકમના ૧૦૦ ટકા સુધી (અકસ્માતથી ઊભા થતા) અથવા સ્વીકાર્ય દાવાના ૪૦ ટકા, બેમાંથી જે ઓછું હોય તે ૨૦ ટકા વધારાના પ્રીમિયમથી તબીબી ખર્ચ.

૨. વીમાદારના અકસ્માતને કારણે મૃતદેહને તેના રહેઠાણના સ્થળે લઈ જવાના વીમાની મૂળ રકમના અધિકતમ ૨ ટકા અથવા ₹ ૨,૫૦૦ એ બેમાંથી જે ઓછું હોય તે ખરેખર ખર્ચ.

૩. **શિક્ષણ ગ્રાન્ટ** : વ્યાખ્યા કર્યા મુજબ અકસ્માતને કારણે વીમાદારના મૃત્યુ અથવા તેને કાયમી સંપૂર્ણ અશક્તતા થતાં, કંપની, (ક) વીમાદારને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરનું એક આશ્રિત બાળક હોય, તો કંપની વીમાની મૂળ રકમના ૧૦ ટકા પરંતુ અધિકતમ ₹ ૫૦૦૦ ચૂકવશે. (ખ) વીમાદારને ૨૫ વર્ષ કરતાં ઓછી ઉંમરનાં એકથી વધારે આશ્રિત બાળકો હોય, તો વીમાની રકમના ૧૦ ટકા જેટલી રકમ અધિકતમ ₹ ૧૦,૦૦૦ને અધીન રહીને કંપની ચૂકવશે.

જે વ્યક્તિ વીમાની મૂળ રકમ મેળવવા હકદાર હોય તે જે વ્યક્તિ/વ્યક્તિઓને ઉપર મુજબની ચુકવણી વીમાની મૂળ રકમ સાથે કરવામાં આવશે.

પરંતુ વીમાદાર વ્યક્તિને આવરી લેતા બીજા કોઈ હાલના અંગત અકસ્માત (PA) વીમા આવી બધી પોલિસીઓ હેઠળ હોય, તો, આ વિનિયમ હેઠળના કુલ લાભ એક આશ્રિત બાળક હોય તો, વધુમાં વધુ ₹ ૫૦૦૦ અને એક કરતાં વધારે આશ્રિત બાળકો હોય, તો વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ સુધી મર્યાદિત રહેશે. આમ ચૂકવવાપાત્ર રકમ બધી પોલિસીઓમાં વીમાની મૂળ રકમના પ્રમાણમાં ભોગવવામાં આવશે.

૪. ૧૦ ટકા વટાવ લેખે કુટુંબ પેકેજ વીમા-કવચ

(ક) કમાતા સભ્ય (વીમાદાર વ્યક્તિઓ) અને પતિ/પત્ની કમાતા હોય, તો દરેકને વીમાની મૂળ રકમના ૧૦૦ ટકા

(ખ) પતિ/પત્ની કમાતી ન હોય, તો વીમાની મૂળ રકમના ૫૦ ટકા અથવા ₹ ૧ લાખ, એ બેમાંથી જે ઓછું હોય તે

(ગ) બાળકો (ઉંમર ૫થી ૨૫ વર્ષ) - વીમાની મૂળ રકમના ૨૫ ટકા અથવા ₹ ૫૦,૦૦૦ એ બેમાંથી જે ઓછું હોય તે બાળક દીઠ

બાળકો માટેનું વીમા-કવચ લાભ ૧થી ૫ સુધી મર્યાદિત રહેશે.

(વધારાની વિગતો માટે અંગત અકસ્માત (PA) ફોર્મ જોવા વિનંતી.

**વિભાગ ૧૦ :** **જાહેર જવાબદારી** : ત્રીજા પક્ષકારને શારીરિક ઈજા અથવા મિલકતને નુકસાન માટેની વીમાદારની જવાબદારી અનુસૂચિમાં દર્શાવેલી રકમ સુધી મર્યાદિત રહેશે. વીમાદારના સ્થળમાં કામ કરતા ઘરના નોકરો અંગે કામદાર વળતરની જવાબદારી રહેશે.

**વિભાગ ૧૧ :** **અંગત કોમ્પ્યૂટર અને સહાયક સાધનો** : આગ અને સંલગ્ન જોખમ; વિસ્ફોટ; યંત્રો ખોટકાવાં; શોર્ટ સર્કિટ; વોલ્ટેજમાં તફાવત જેવાં વીજળિક કારણો; ચોરી, ઘરફોડી; ધુમાડો, ધુમાડાથી થતી મેશ; દાહક ગેસ; પાણીથી નુકસાન, ભેજ; ખોટી કામગીરી સંપૂર્ણ બેદરકારી, કુશળતાનો અભાવ; કુદરતી આફતો; દ્વેષપૂર્ણ નુકસાન, પડતો પદાર્થ, અવરોધને અધીન બહારના પદાર્થોનો પ્રવેશ.

**પ્રીમિયમ** : (ક) સાધન કાયદેસર નિભાવ કન્ટ્રાક્ટ હેઠળ આવરી લીધું હોય અને વ્યક્તિગત સાધનની વીમાની રકમ ₹ ૧ લાખથી ઓછી હોય તેવા કેસમાં ૧ ટકા લેખે અથવા એક હજારે (mille) ₹ ૧૦ લેખે

(ખ) સાધન કાયદેસર નિભાવ કન્ટ્રાક્ટ હેઠળ ન આવરી લીધું હોય અને વ્યક્તિગત સાધનની વીમાની રકમ ₹ ૧ લાખથી વધારે હોય ત્યાં ૨ ટકા લેખે અથવા એક હજારે ₹ ૨૦ લેખે

## જૂથ વટાવ
## વિભાગ ૧ - ખ ફરજિયાત છે.

૪થી ૬ વિભાગ વચ્ચે (ટેરિફ દર વિભાગ સહિત) આવરી લેવાય ત્યાં બિન-ટેરિફ દર ૫ર જ ૨૦ ટકા

૬ કરતાં વધારે વિભાગ (ટેરિફ દર વિભાગ સહિત) હોય ત્યાં ફક્ત બિન-ટેરિફ દર ૫ર જ ૨૦ ટકા

જોખમનો સ્વીકાર : (દૃષ્ટાંતરૂપ છે સંપૂર્ણ નથી) પોલિસી આની સાથોસાથ વધારામાં યુદ્ધ, આંતરવિગ્રહથી થતાં નુકસાન કે હાનિ તેમજ ઘસારા, તૂટફૂટ, પારિણામિક નુકસાનને આવરી લેતી નથી.

**નોંધ :** ઉપર જણાવેલ બાબતો અપાતા વીમા-કવચનાં માત્ર વ્યાપક નિર્દેશ છે. વધારાની વિગત માટે કંપનીના કોઈ પણ ઓફિસનો સંપર્ક સાધવો. અરજી કર્યો પ્રીમિયમ જણાવવામાં આવશે.